ગુજરાતમિત્ર

# ગતિવિધિ

## ભાઈલાલ અમીન જનરલ હોસ્પિટલે લિવર ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામ અને હેપેટોલોજી સેન્ટરનો પ્રારંભ કર્યો




**વડોદરા :** વડોદરાની ભાઈલાલ અમીન જનરલ હોસ્પિટલ વડોદરાએ પોતાના વિકાસમાં એક નવું પીછું ઉમેર્યું છે. શહેરમાં પ્રથમ લીવર ટ્રાન્સપ્લાન્ટ અને હેપેટોલોજી સેન્ટર શરૂ કર્યું. આ સેન્ટરને વડોદરા અને મુંબઈના પ્રખ્યાત ક્લિનિકલ પ્રોફેશનલ્સ દ્વારા ટેકો આપવામાં આવશે. આની શરૂઆત પ્રણવ અમીન, મેનેજિંગ ડિરેક્ટર, એલેમ્બિક ફાર્માસ્યુટિકલ્સ, બરખા અમીન, ટ્રસ્ટી, ભાઈલાલ અમીન જનરલ હોસ્પિટલ, ક્લિનિકલ ટીમ અને મેનેજમેન્ટની હાજરીમાં અને અન્ય નિકટવર્તી મહાનુભવો સાથે ઓગસ્ટમાં કરવામાં આવ્યું હતું.આ સિદ્ધિ હોસ્પિટલ અને પ્રદેશ માટે એક મહત્વપૂર્ણ ક્લિનિકલ સીમાચિહ્નરૂપ છે. આમ, વ્યાપક લિવર ટ્રાન્સપ્લાન્ટ અને હેપેટોલોજી સેન્ટર શરૂ કરવા માટે, અમદાવાદ અને સુરત પછી વડોદરાએ ગુજરાતમાં ત્રીજા નંબરના શહેર તરીકે સ્થાપિત કર્યું છે.

## સિગ્મા યુનિ.ના પ્રો.ડૉ.શેશાંગ દેગડવાલાને દિલ્હીમાં 'યંગ રિસર્ચ ઓફ ધ યર-2024'નો એવોર્ડ એનાયત




**વડોદરા :** શહેરની સિગ્મા યુનિવર્સિટીના પ્રોફેસર અને કોમ્પ્યુટર એન્જિનિયરિંગ વિભાગના વડા તરીકે ભૂમિકા ભજવી રહેલા ડૉ. શેશાંગ દેગડવાલાને ઉજી નેશનલ એજ્યુકેશન એક્સસલેન્સ કોન્કલેવ દ્વારા યંગ રિસેર્ચર ઓફ ધ યર 2024 એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.જે વિશે માહિતી આપતા ડૉ. શેશાંગ દેગડવાલાએ જણાવ્યું હતું કે, નવી દિલ્હી ખાતે ડો. રાજભૂષણ ચૌધરી (મિનિસ્ટર ઓફ સ્ટેટે ઈન મિનિસ્ટ્રી ઓફ જળશક્તિ) ના હસ્તે વર્ષનો યંગ રિસેર્ચર ઓફ ધ યર 2024 તરીકેનો એવોર્ડ મને પ્રાપ્ત થયો છે. અત્યાર સુધી મારા IEEE, Elsevier અને Springer સહિત પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય જર્નલ્સ અને કોન્ફરન્સમાં 300 થી વધારે સંશોધન પેપર પ્રકાશિત થયા છે. મારું મુખ્ય સંશોધન કાર્ય ઈમેજ પ્રોસેસિંગ, કોમ્પ્યુટર વિઝન, ઈન્ફોર્મેશન સિક્યુરિટી, થિયરી ઓફ કોમ્પ્યુટેશન અને ડેટા માઈનિંગ જેવા વિષયો ઉપર હોય છે. આ સાથે વિવિધ વિષયો ઉપર ૨૫ જેટલા પુસ્તકો પ્રકાશિત કર્યા છે અને 40 ડિઝાઈન પેટન્ટ પણ પ્રકાશિત કરી છે.

હુજરાત પાગા સ્થિત પુરવઠા નિગમ દ્વારા ઝોન-2માં ઘઉંના 6 કટ્ટા સડેલા મોકલી દેવાયા

# સલાટવાડામાં ઝોન-2ના રાશનકાર્ડ ધારકોને સડેલા અને જીવાતવાળા ઘઉં અપાતા રોષ

**સડેલા** અનાજના ફોટા પાડી સોશિયલ મીડિયામાં શેર કરાયા





(પ્રતિનિધી) વડોદરા, તા.24

વડોદરા શહેરના સલાટવાડા વિસ્તારમાં આવેલા ઝોન-2ના રાશનકાર્ડ ધારકોને આપેલા ઘઉંનો જથ્થો પોલો તેમજ જીવાતવાળો અંત્યોદય,જરૂરીયાતમંદો પરિવારોને ઘઉં, જુવાર, ચોખા, મિઠુ, તેલ, ખાંડનુ વિતરણ શરૂ કરવામાં આવ્યુ છે. જો કે, ગરીબ માણસોને વિતરણ કરવામાં આવતો ધાન સડેલા હોવાની ફરિયાદ વડોદરા શહેરમા પણ ઉઠી છે. સલાટવાડા વિસ્તારમાં આવેલા ઝોન-2ના રાશનકાર્ડ ધારક ગરીબોને મળતો ધાન સડેલો અને જીવાતવાળુ હોવાથી તેના ફોટા પાડી સોશ્યિલ મિડીયામાં મુકવામાં આવી રહ્યા છે અને જે ગરીબ પરિવારોને ધાન મળ્યો હતો તેવા પરિવારોએ ઘરે જોઈને જોયુ તો ચોંકી ઉઠ્યા હતા. સમગ્ર રાજ્યની સાથે વડોદરામાં પણ લાભાર્થીઓને અનાજ વિતરણ શરૂ કરવામાં આવ્યો છે પરંતુ ગત રોજ મળતો ધાન સડેલો અને જીવાતવાળુ હોવાથી નાગરીકો ફરીયાદ કરવા પહોચી ગયા હતા. પરીણામે, રેશનકાર્ડ ધારકોમાં રોષ જોવા મળ્યો હતો તેવામાં ગરીબોને મળેલો ધાન સડેલુ હોવાની પણ ફરિયાદો બહાર આવી રહી છે. શહેરના સલાટવાડા વિસ્તારમાંથી પણ આવી ફરિયાદો ઉઠી છે. કાર્ડ ધારકો સડેલા અનાજના ફોટા સોશ્યિલ મિડીયામાં શેર કરી રહ્યા છે. જે ઘઉંનું વિતરણ કરવામાં આવ્યુ છે તે સડેલ અને ધનેરા વાળા હતા. હાથમાં લેતી વખતે કે થેલીમાં ભરતી વખતે રીતસર ધૂળ ઉડતી હતી. ઘઉંમાં ધાનેરા ઉડતા હતા અને પોલા પડી ગયા હતા. વડોદરાના હુજરાત પાગા સ્થિત સરકારના પુરવઠા નિગમ દ્વારા ઝોન-2ના લાભાર્થીઓને આપવામાં આવેલુ ઘઉ અનાજનો જથ્થો ખાવાલાયક નથી. આવા અનાજથી લોકોની ભુખ સંતોષાવાની તો દુરની વાત બીમાર પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. દુકાનદારે પોતાનું નામ ન આપવાના શરતે જણાવ્યા અનુસાર વડોદરાના હુજરાત પાગા સ્થિત સરકારના પુરવઠા નિગમ દ્વારા ઝોન-2ના ઘઉની 6 ગુણોમાં ઘઉ સડેલા અને ધનેડા નામની જીવાત જોવા મળી હતી. આ બાબતે જિલ્લા કલેક્ટર, જિલ્લા પુરવઠા અધિકારી અને મામલતદાર સહિતનાઓને રજુઆત કરવામાં આવી છે. સરકારની વેબસાઈટ ચણા દાળ અને ચણાનો કઠોળ પણ આપવાનુ જણાવે છે પરંતુ સરકાર દ્વારા અમોને જથ્થો હજુ સુધી આપવામાં આવ્યો નથી.

આ સંસ્થામા અભિનેતાઓને પણ સમાવેશ થાય છે

## દિવ્ય ત્રિવેદી દાદાસાહેબ ફાળકે સિનેમા કો-ઓ.સો.માં ડિરેક્ટર બન્યા

(પ્રતિનિધી) વડોદરા, તા.24

ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તથા ભારત સરકારના ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના ''સહકાર થી સમૃદ્ધિ'' નાં ઉદેશ્યને ફિલ્મ જગતમા પણ સાર્થક કરવાં માટે સિનેમા અને મનોરંજન ક્ષેત્રમા



ભારતની સૌ પ્રથમ સહકારી સંસ્થાની સ્થાપના થઈ છે. જેમાં સોસાયટીના ડિરેક્ટર તરીકે મશહૂર ફિલ્મ અભિનેતાઓ સુનિલ શેટ્ટી , જેકી શ્રોફ , ભૂલ-ભૂલૈયા , હેરા-ફેરી, હંગામા -2 , આક્રોશ , હલચલ , ખટ્ટા મીઠા , બિલ્લું બાર્બર , દે ધના ધન જેવી અનેકો અનેક ફિલ્મના નિર્માતા અને નિર્દેશક પ્રિયદર્શન , 4 ટાઈમ્સ નેશનલ ફિલ્મ એવોર્ડ અને ફિલ્મફેર એવોર્ડ વિજેતા ફિલ્મ પ્રોડક્શન ડિઝાઈનર બાહુબલી અને RRR , ૐ શાંતિ ૐ , મેં હું ના , પુકાર , હંગામા , ૐ જય જગદીશ , ચૂપ ચૂપ કે , ક્રિશ -3 જેવી આશરે પાંચસો ફિલ્મ ના પ્રોડક્શન ડિઝાઈનર સાબુ સિરિલ , ધ કાશ્મીર ફાઈલ્સ ના નિર્માતા અભિષેક અગ્રવાલ સહિત મશહૂર પંજાબી ગાયક ગેરી સંન્ધુ સહિત બોલીવુડ અને સાઉથના અભિનેતા , ડાયરેક્ટર સહીત અનેક નામચીન હસ્તીઓ સાથે ગ યુવાન એડવોકેટ દિવ્ય ત્રિવેદી પણ સંસ્થામા ડિરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ સંસ્થા દ્વારા આગામી સમયમાં ભારતના મનોરંજન ક્ષેત્રમા પારિવારિક, અને ભારતના ભવ્ય વારસાને ઉજાગર કરતી ફિલ્મોનું નિર્માણ કરીને ભારતનો ડંકો વગાડવાનું કામ કરશે. સાથે સાથે ભારતના મનોરંજન ક્ષેત્રમા કન્ટેન્ટ ક્રિટેડ પિક્ચરનું નિર્માણ કરીને પરિવાર સાથે જોઈ શકાય તેવી તથા ભારતના ઐતિહાસીક ઈતિહાસને કોઈ પણ તોડ-મરોડ સિવાય સાચી રીતે બતાવીને રાષ્ટ્રવાદી ફિલ્મનું નિર્માણ કરવું તે શપ્રાથમિકતા રહેશે .

વડોદરાના વિજ્ઞાન સ્નાતકની અનોખી શોધ

## હરસિધ્ધિ કો.ઓ. કેડીટ સો. દ્વારા દિપાવલી ધિરાણના ચેક વિતરણ



(પ્રતિનિધી) વડોદરા, તા.24

હરસિધ્ધિ કોઓપરેટિવ કેડીટ સોસાયટી લી દ્વારા મહિલા સશકિતકરણ કાર્યકમ સાથે જોડાયેલ સ્વ સહાય જુથ સખીખીમંડળની શ્રમજીવી મહિલાઓને દિપાવલી ધિરાણના ચેક વિતરણ કાર્યક્રમનું આયોજન આત્મીય હોલ ખાતે સોસાયટી ના ચેરમેન અને પૂર્વ મંત્રી ખુમાનસિંહ વાંસિયાના અધ્યક્ષપદે કરવામાં આવ્યું હતું.

દીપાવલી પર્વ નિમિતે આત્મીય હોલ ખાતે હરસિદ્ધિ કો. ઓ.ક્રેડિટ સોસાયટી આયોજિત કાર્યક્રમના અતિથિ વિશેષ પદે ભરૂચના ધારાસભ્ય રમેશભાઈ મિસ્ત્રી , વાગરાના ધારાસભ્ય અરુણ સિંહ રણા, પૂર્વ સાંસદ ભારત સિંહ પરમાર, જિલ્લા ભાજપ પ્રમુખ મારુતિ સિંહ અટોદરિયા, ભરુચ પાલિકા પ્રમુખ વિભૂતિ બા યાદવ, ,સહકાર ભારતી ગુજરાત મહામંત્રી સુરેશભાઈ આહીર સહિતના સહકારી અગ્રણીઓએ ઉપસ્થિત રહી સ્વસહાય જૂથ ની બહેનો નો ઉત્સાહ વધાર્યો હતો. ઉપસ્થિત મહાનુભાવો ના હસ્તે 73 સ્વ સહાય જૂથ ની 400 બહેનોને રૂ.68,લાખ 90 હજાર ના ધિરાણ ના ચેક વિતરણ કરવામાં આવ્યા હતા.

# નકલી એનએ પ્રકરણમાં દાહોદ પ્રાંત અધિકારી અને મામલતદારની બદલી

**કેટલાંક** માસ્ટર માઈન્ડોએ સરકારની પડતર જમીનોને બારોબાર વેચી મારી

(પ્રતિનિધી) દાહોદ , તા.24

દાહોદ શહેરમાં નકલી એનએ પ્રકરણ ખુબ ચર્ચાઓમાં રહેવા પામ્યું છે, ત્યારે આવા સમયે રાતોરાત દાહોદ પ્રાંત અધિકારી તેમજ તેમની સાથે સાથે દાહોદ મામલતદારની એક સાથે બદલી કરવામાં આવતાં દાહોદ શહેર સહિત જિલ્લામાં એકક્ષણે સોંપો પડી જવા પામ્યો છે. દાહોદ પ્રાંત અધિકારીની બદલી પોરબંદર ખાતે તેમજ દાહોદ મામલતદારની બદલી અમરેલી ખાતે કરવામાં આવી છે.

આવા સમયે ખાસ એવા નકલી એનએ પ્રકરણમાં કેટલાંક માસ્ટર માઈન્ડો દ્વારા સરકારની પડતર જમીનોને બારોબાર વેચી મારી, પ્લોટો પાડી તેવી જગ્યાઓ ઉપર પાકા બાંધકામો કરી વેચાણ દસ્તાવેજોની સાથે સાથે પ્રોપર્ટી કાર્ડો પર નોંધણી પણ કરી દેવામાં આવી હતી. તેની સાથે સાથે ઘણી જમીનોમાં નકલી એનએ દસ્તાવેજો ઉભા કરી સરકારની તિજોરીને લાખ્ખો, કરોડોનો ચુનો પણ ચોપડવામાં આવ્યો છે. આવા સમયે આ નકલી એનએ પ્રકરણમાં આરોપીઓ હાલ જેલના સળીયા પાછળ સજા ભોગવી રહ્યાં છે ત્યારે આવા સમયે ક્યાંકને ક્યાંક મામલતદાર અને પ્રાંત અધિકારીઓ સામે પણ આંગળીઓ ચિંતાધી હતી ત્યારે દાહોદમાં નકલી એનએ પ્રકરણની ગંભીરતાને ધ્યાનમાં લઈ ગુજરતા સરકારની મહેસુલ વિભાગ, ગાંધીનગર દ્વારા દાહોદ પ્રાંત અધિકારી તેમજ દાહોદ મામલતદારની રાતોરાત એટલે કે, આજે વહેલી સવારે બદલીના હુકમો કરી દેવામાં આવતાં દાહોદ શહેર સહિત જિલ્લામાં સ્તબ્ધતા વ્યાપી જવા પામી હતી. દાહોદ પ્રાંત અધિકારી રાજપુત એન.બી.ની પોરબંદર ખાતે બદલી કરવામાં આવી છે તેમજ દાહોદ મામલતદારની અમરેલી ખાતે બદલી કરવામાં આવી છે. ત્યારે દાહોદમાં નવા પ્રાંત અધિકારી તરીકે દાહોદના ડેપ્યુટી ડિસ્ટ્રીક્ટ દેવલપમેન્ટ ઓફિસર મીલીન્દકુમાર દવેની દાહોદ પ્રાંત અધિકારી તરીકેની સત્તા સોંપવામાં આવી છે. ત્યારે દાહોદ મામલતદારમાં પંચમહાલ જિલ્લાના હાલોલના મામલદાર પ્રદિપસિંહ બી. ગોહિલને દાહોદ મામલતદારની સત્તા સોંપવામાં આવી છે.

## 13 કલાકારોએ 60 કિલો રંગોના વિવિધ કલરથી જુદી જુદી 10 રંગોળી તૈયાર કરી



■ પરંપરા રંગોળી કલાકાર ગ્રુપ છેલ્લાં ૧૪ વર્ષ થી રંગોળીનું પ્રદર્શન વડોદરા ખાતે કરે છે. પરંપરા ગ્રુપની સ્થાપનાનો હેતુ એવો હતો કે એવા લોકો જે પોતાના શોખ માટે ઘરે રંગોળી બનાવે છે. એવા લોકોને એક પ્લેટફોર્મ મળે તક મળે. હાલ આ વર્ષે 13 કલાકાર અને 10 રંગોળી કરેલ છે. જેમાં વિવિધ વિષય જેવાકે, રતનટાટા સરજી, વડોદરા ફ્લડ, સાધુ, શિલ્પ કલા આવા અલગ અલગ વિષય લીધેલ છે. આ રંગોળી કરતા એક કલાકાર ને 80-900 કલાક નો સમય લાગે છે. અને 60 કિલો રંગોળી કલરનો વપરાશ થઈ છે. આ પ્રદર્શન લોકો માટે તારીખ 26 ઓક્ટોબર થી 3 નવેમ્બર સમય સાંજે 5 થી 10 વાગ્યા સુધી સયાજી વિહાર, માર્કેટ ચાર રસ્તા વડોદરા નિહાળી શકશો. **(તસવીર-રણજીત સૂર્વે)**

# ગોરવામાં નવીન જન સેવાકેન્દ્રનો શુભારંભ કરાયો, ધારાસભ્યના પ્રત્યનો ફળીભૂત થયા

**ગોરવા,** સુભાનપુરા - લક્ષ્મીપુરા સુધીનો ભાગ, ઊંડેરા, કરોળિયા, રિફાઇનરી રોડ વિસ્તારના નાગરિકોને સમા મામલતદાર સુધી જવાનો ધક્કો બચી ગયો




(પ્રતિનિધી) વડોદરા, તા.24

રેશનકાર્ડ નવા બનાવવા, રેશનકાર્ડમાં સુધારા, રેશનકાર્ડમાં નામ કમી કરવા, રેશન કાર્ડમાં નવા નામ નોંધાવાથી લઈને ડુપ્લીકેટ રેશનકાર્ડ, આવકનો દાખલો, આયુષ્યમાન કાર્ડ યોજનામાં જરૂરી ડોક્યુમેન્ટ હોય કે વિધવા પેન્શન, સીનીયર સીટીઝન કાર્ડ હોય આ તમામમાં જરૂરી ડોક્યુમેન્ટ તમામ પત્રો આ જગ્યા પરથી એટલે કે જે મામલતદાર કચેરી જે મુખ્ય છે એમાં થતી ૯૦ ટકા કામગીરી આ જગ્યા પર નવીન જન સેવા કેન્દ્રમાં શરૂ કરવામાં આવી છે. અમારી જે સતત માંગણી હતી કે છેલ્લા ૬ મહિના થી સતત માંગણી કર્તા હતા ગોરવા, સુભાનપુરા - લક્ષ્મીપુરા સુધીનો ભાગ, ઊંડેરા, કરોળિયા, રિફાઈનરી રોડ વિસ્તારના નાગરિકોને સમા મામલતદાર સુધી ધક્કો પડતો હતો. જેમાં એક પુરાવો ના હોય, અધિકારીની ઉપલબ્ધ ના હોય અથવા તો કોઈ એક સહી ધક્કા પડતા હતા ત્યારે જ્યારે ગોરવાની અંદર આ સુવિધા મળી છે. ત્યારે પેટ્રોલની પણ બચત થવાની છે, નાગરિકોના સમયની પણ બચત થવાની છે, જ્યારે ડોર સ્ટેપ સુધી સરકાર પહોંચી રહી છે જે સરકારનું અભિગમ છે એ ફળીભૂત થયો છે. આ કાર્યક્રમમાં વિસ્તારના કોર્પોરેટર મીનાબેન ચૌહાણ, રીટાબેન આચાર્ય, મહાલક્ષ્મીબેન શેટીયાર, રાજેશભાઈ પ્રજાપતિ, નરસિંહભાઈ ચૌહાણ, વોર્ડ પ્રમુખ, વોર્ડના મહામંત્રીઓ, કાર્યકર્તાઓ, નાગરિકો, તેમજ વિસ્તારના આગેવાનો ઉપસ્થિતીમાં જનસેવાનો શુભારંભ કરાયો. શહેરના કલેકટર બીજલ શાહ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારનો સતત લોકોને વધુને વધુ સુવિધા પૂરી પાડવાનો અભિગમ રહ્યો છે. ડોર સ્ટેપ સુધી સુવિધા મળી રહે. જે સંદર્ભે સયાજીગંજ વિસ્તાના ધારાસભ્ય કેયુરભાઈ રોકડિયા દ્વારા વારંવાર ધ્યાને મુકવામાં આવ્યું હતું, અમારા તરફથી કે જો એક જનસેવા કેન્દ્ર ગોરવા વિસ્તારમાં આપવામાં આવે તો આજુબાજુ જે રહે છે તેને દૂર સુધી બીજા અન્ય કોઈ જનસેવા કેન્દ્ર પર જવાનું અને તેના કારણે સમય પેટ્રોલ રીક્ષા ભાડા જેવી મુશ્કેલીઓમાંથી નગરજનોને મુક્તિ મળી શકે.

HINDUJA HOUSING FINANCE

કોર્પોરેટ ઓફિસ : નંબર ૧૬૭-૧૬૯, બીજો માળ, અન્ના સલાઈ, સૈદાપેટ, ચેન્નાઈ - ૬૦૦૦૧૫.
બ્રાન્ચ ઓફિસ : ત્રીજો માળ, ઈફકો ભવન, મારૂતિ કોમ્પ્લેક્ષ પાછળ, પીન્ટુ ગાર્મેન્ટ પાછળ, શીવરંજની ચાર રસ્તા પાસે, સેટલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
સૌરભકુમાર નાપીત મો. ૭૮૭૪૮૨૮૭૮૯, વિકાસ સાવરીયા મો. ૭૯૮૪૯૮૨૯૦૪, બન્ટી રામરખીયાણી મો. ૯૦૨૯૦૦૪૭૦૧, હીતેષકુમાર પટેલ મો. ૭૦૪૮૩૩૬૬૦૧, સુશીલ ચૌધરી મો. ૮૧૧૮૮૧૮૧૬૦, નિતીન સમુદ્રે મો. ૮૧૨૮૩૧૦૬૭૮ શિવમ મીશ્રા મો. ૯૦૩૩૦૧૫૨૭૭, રાજેશ ડાંગર મો. ૭૭૭૭૯૦૦૦૫૮

**સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી જાહેર સૂચના ઈ-હરાજીથી વેચાણ નોટીસ**

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના રૂલ ૮(૬) સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ સાથે વંચાણે લેતા સ્થાવર મિલકતો માટે ઈ-હરાજીથી વેચાણની નોટિસ, આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઋણ લેનાર / મોર્ટગેજર / બાંયધરી આપનારને સૂચના આપવામાં આવે છે કે, એચડીએફસી બેંક લિ. ના અધિકૃત અધિકારી(ઓ), નીચેના લોન ખાતાઓમાં સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ જારી કરાયેલી નોટિસી(ઓ)ની માંગણીના અનુસંધાનમાં, ઉલ્લેખિત નીચેની મિલકત/ઓનો પ્રત્યક્ષ કબજો લીધો હતો. બેંકના લેણ વત્તા વ્યાજની વસૂલાત માટે "જૈન છે ત્યાં જેવું છે, જેવું છે, જે છે અને આશ્રય વિના" પર તેને વેચવાની અધિકાર અહીં વિગતવાર દર્શાવેલ છે અને જ્યારે બાકીની ચૂકવણી કરવામાં નિષ્ફળતાના પરિણામે કવાયતમાં નીચે હસ્તાક્ષરિત આ અધિનિયમની કલમ ૧૩(૪) હેઠળ આપવામાં આવેલી સત્તા, ઉપરોક્ત નિયમોના નિયમ ૮ સાથે વાંચવામાં આવેલી મિલકતાઓનાં વેચાણ દ્વારા બેંકના લેણાંની વસૂલાત કરવાની દરખાસ્ત કરે છે, નીચે દર્શાવેલ મિલકતોનું વેચાણ વેબ પોર્ટલ દ્વારા ઈ-ઓક્શન હાથ ધરવામાં આવશે: https://www.bankeactions.com

| નં. | ઉધારકર્તાઓ અને સહ-ઉધારકર્તાઓ અને જામીનદારો ના નામ | લોન ખાતા નં. | ડીમાન્ડ નોટીસ તારીખ અને રકમ | પજેશનની તારીખ અને પ્રકાર / હરાજીની તારીખ અને ટેન્ડર ખોલવાનો સમય | મિલકતના નિરીક્ષણની તારીખ, સમય અને ઈએમડી તારીખ / બીડ ઈન્ક્રીઝ રકમ | રીઝર્વ કિમત | અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી-રકમ ૧૦% પ્રમાણે) / ઈએમડી ની છેલ્લી તારીખ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઉધારકર્તા: સ્મિતલભાઈ પટેલ સહ-ઉધારકર્તા: મેઘનાબેન પટેલ સહ-ઉધારકર્તા: રમેશભાઈ પટેલ | A/C No. GJ/VDD/BARC/ A000000096 | ૧૦-૦૫-૨૦૨૪ રૂા. ૭,૨૧,૯૫૯/- રૂા. દસ લાખ છીયાંસી હજાર બસો તીસ | ૧૮-૦૯-૨૦૨૪ સિમ્બોલીક પઝેશન / ૩૦-૧૧-૨૦૨૪ સવારે ૧૧-૦૦ થી ૧૨-૦૦ | ૧૮-૧૧-૨૦૨૪ સમય ૧૧-૦૦ થી ૪-૦૦ / રૂા. ૧૦,૦૦૦/- રૂા. દસ હજાર | રૂા. ૧૧,૧૩,૬૦૦/- રૂા. અગીયાર લાખ તેર હજાર છસો | રૂા. ૧,૪૦,૪૮૬/- રૂા. એક લાખ ચાલીસ હજાર ચારસો છયાંસી / ૨૯-૧૧-૨૦૨૪ ટાઈમ ૩-૦૦ વાગ્યા સુધી |

**સ્થાવર મિલકતનું વર્ણન**

ગુજરાત રાજ્ય ના રજીસ્ટ્રેશન જી.ડીસ્ટ્રી. વડોદરા રજી.સબ ડીસ્ટ્રી. ડભોઇ ના તાબાના ગામ મોજે મંડળા ગામમા મોટા ભાગમાં આવેલ મકાન નંગ ૧ : બ્લોક સર્વે નંબર ૧૭૭૬ માં ખાતા નંબર ૭૫૩ છે જે ગ્રામ પંચાયત દફતરે , મીલકત નંબર ૪/૫૯ થી નોંધાયેલ છે. જેની ચતુ:સીમા નીચે મુજબ છે. ઉત્તરે :- વિનુભાઈ પટેલ નું મકાન દક્ષિણે - ચંદ્રકાન્ત પટેલ નું મકાન પૂર્વે :- ઓસરો અને ચોકચાલ પશ્ચિમે:- ખુલ્લી પોતાની જગ્યા અને ઓસરો

| નં. | ઉધારકર્તાઓ અને સહ-ઉધારકર્તાઓ અને જામીનદારો ના નામ | લોન ખાતા નં. | ડીમાન્ડ નોટીસ તારીખ અને રકમ | પજેશનની તારીખ અને પ્રકાર / હરાજીની તારીખ અને ટેન્ડર ખોલવાનો સમય | મિલકતના નિરીક્ષણની તારીખ, સમય અને ઈએમડી તારીખ / બીડ ઈન્ક્રીઝ રકમ | રીઝર્વ કિમત | અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી-રકમ ૧૦% પ્રમાણે) / ઈએમડી ની છેલ્લી તારીખ |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | ઉધારકર્તા: વિજય પવાર સહ-ઉધારકર્તા: વૈશાલી પવાર સહ-ઉધારકર્તા: પ્રકાશ પવાર | A/C No. GJ/VDD/VDDR/ A000000015 & CO/CPC/CPOF/ A000000275 | ૧૦-૦૫-૨૦૨૪ રૂા. ૬,૧૬,૯૬૯/- રૂા. છ લાખ સોળ હજાર નવસો ઓગણ સિત્તેર | ૧૮-૦૯-૨૦૨૪ સિમ્બોલીક પઝેશન / ૩૦-૧૧-૨૦૨૪ બપોરે ૧૨-૦૦ થી ૧-૦૦ | ૧૮-૧૧-૨૦૨૪ સમય ૧૧-૦૦ થી ૪-૦૦ / રૂા. ૧૦,૦૦૦/- રૂા. દસ હજાર | રૂા. ૧૮,૪૭,૪૨૦/- રૂા. અઢાર લાખ સુળતાળીસ હજાર ચારસો વીસ | રૂા. ૧,૮૪,૭૪૨/- રૂા. એક લાખ ચોરયાંસી હજાર સાતસો બેતાળીસ / ૨૯-૧૧-૨૦૨૪ ટાઈમ ૩-૦૦ વાગ્યા સુધી |

**સ્થાવર મિલકતનું વર્ણન**

ગુજરાત રાજ્ય ના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા સબ ડીસ્ટ્રીકટ વડોદરા ના વડોદરા શહેરમાં વારસીયા પાસે, આર.ટી. ઓ. ઓફિસ ની પાછળ, મોજે- સવાદ માં જલારામ પાર્ક સોસાયટી માં આવેલી છે. સદર મિલકત રે.સ.નં. ૩૨૭, ટી.પી.સ્કીમ નં. ૫ ફાયનલ પ્લોટ નં. ૨૪ પૈકી સબપ્લોટ નં. ૨૧ વાળી બાંધકામવાળી મિલકત.જેનું આશરે ક્ષેત્રફળ ૪૫.૫૮ ચો. મીટર છે. તથા બાંધકામ ક્ષેત્રફળ ૪૩.૬૦ ચો. મીટર છે. જેની ચતુ:સીમા નીચે મુજબ છે. પૂર્વે :- ૬ મીટર નો રોડ છે. પશ્ચિમે:- પ્લોટ નં. ૨૫/૧ છે. ઉત્તરે :- પ્લોટ નં. ૨૨ છે. દક્ષિણે - પ્લોટ નં. ૨૦ છે.

| નં. | ઉધારકર્તાઓ અને સહ-ઉધારકર્તાઓ અને જામીનદારો ના નામ | લોન ખાતા નં. | ડીમાન્ડ નોટીસ તારીખ અને રકમ | પજેશનની તારીખ અને પ્રકાર / હરાજીની તારીખ અને ટેન્ડર ખોલવાનો સમય | મિલકતના નિરીક્ષણની તારીખ, સમય અને ઈએમડી તારીખ / બીડ ઈન્ક્રીઝ રકમ | રીઝર્વ કિમત | અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી-રકમ ૧૦% પ્રમાણે) / ઈએમડી ની છેલ્લી તારીખ |
|---|---|---|---|---|---|---|---|
| 3 | ઉધારકર્તા: વ્રજલાલ ચૌહાણ સહ-ઉધારકર્તા: અક્ષયકુમાર ચૌહાણ સહ-ઉધારકર્તા: ચંદ્રિકાબેન ચૌહાણ | A/C No. GJ/VDD/DBHO/ A000000007 | ૧૦-૦૫-૨૦૨૪ રૂા. ૧૨,૮૬,૭૨૪/- રૂા. બાર લાખ છ્યાંસી હજાર સાતસો ચોવીસ | ૧૮-૦૯-૨૦૨૪ સિમ્બોલીક પઝેશન / ૩૦-૧૧-૨૦૨૪ બપોરે ૧-૦૦ થી ૨-૦૦ | ૧૮-૧૧-૨૦૨૪ સમય ૧૧-૦૦ થી ૪-૦૦ / રૂા. ૧૦,૦૦૦/- રૂા. દસ હજાર | રૂા. ૧૭,૫૬,૦૮૬/- રૂા. સત્તર લાખ છપ્પન હજાર છ્યાંસી | રૂા. ૧,૭૫,૬૦૮/- રૂા. એક લાખ પંચ્યોતેર હજાર છસો આઠ / ૨૯-૧૧-૨૦૨૪ ટાઈમ ૩-૦૦ વાગ્યા સુધી |

**સ્થાવર મિલકતનું વર્ણન**

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ વડોદરા. સબ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરાના મોજે. ગામ. દશરથ. તાલુકો. વડોદરાની જમીન રેવન્યુ સર્વે.નં.૮૨૦, બ્લોક નં. ૪૫૫, ક્ષેત્રફળ હે.આરેગુંઠા. ૦-૬૫-૧૬ વાળી મીલકતમાં શીવ શક્તિ નગર નામની સોસાયટીનું આયોજન કરેલ છે. જેમાં પ્લોટ નં. ૧૧ -સી વાળો પ્લોટ જેનો પ્લોટ એરીયા નું ક્ષેત્રફળ ૧૧૫ × ૮૭૫ મી. = ૧૦૦.૬૨ ચો.મી. વણ વહેચાયેલી ૫૦.૩૧ ચો.મી.જમીન તથા બાંધકામ ક્ષેત્રફળ ૪૩.૭૨ ચો. મીટર છે. જેના ખુંટ નીચે મુજબ છે. પૂર્વે :- પ્લોટ નં. ૯-એ, અને ૧૦-એ આવેલ છે. પશ્ચિમે:- સોસાયટીનો રસ્તો આવેલ છે ઉત્તરે :- પ્લોટ નં. ૧૨-સી આવેલ છે. દક્ષિણે -જાહેર રસ્તો આવેલ છે.

નિયમો અને શરતો - (૧) ઈ-હરાજી "જેમ છે ત્યાં, જેછેતે, જે છે તે છે, અને આશ્રય વિનાના ધોરણે" યોજાશે. (૨) હરાજીમાં ભાગ લેવા ઈચ્છુકોએ તેમની ઈએમડીની વિગત તથા દસ્તાવેજો વેબ પોર્ટલ https://www.banknauctions.com (યુઝર આઈડી અને પાસવર્ડ વિના મુલ્યે https://www.bank.suctions.com પર રજીસ્ટર્ડ કરવાથી મળી શકશે) થકી લોગીન આઈડી અને પાસવર્ડ દ્વારા મોકલવાના રહેશે. ઈએમડીની ચૂકવણી ડિમાન્ડ ડ્રાફટથી હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ ના નામે સ્વીકારવામાં આવશે તેની નોંધ લેવી. (૩) અધિકૃત અધિકારીની જાણ મુજબ તથા માહિતી અનુસાર કોઈપણ જાતના બોજા જેમ કે કાયદાકીય બાકી વિ, (HHFL) રેકર્ડ મુજબ મિલકત ઉપર નથી સિવાય કે શરતો અને નિયમોમાં જણાવ્યા હોય તે છતાં પણ કોઈપણ ચાલુ પાછળના ભવિષ્યની બાકી જેમ કે બિન કાયદાકીય બાકી કાયદાકીય બાકી - બોજો, ટેક્સની બાકી / દાવાઓ, જે કોઈ હોય તેને માટે જવાબદાર રહેશે નહીં. (૪) ઈચ્છુક બોલીકારે પોતાની જાતે વ્યક્તિગત રીતે બોજા / મિલકતના ટાઈટલ અંગે ચકાસણી કરવાની અને પોતાની રીતે સંતોષ થાય તેમ કરવાનું રહેશે, મિલકતનું નિરીક્ષણ ઉપર દર્શાવેલ તારીખ અને સમય અનુસાર જ કરવાનું રહેશે. ઈચ્છુક બીડર જેમણે ઈએમડી જમા કરાવેલ છે. તેમને લોગીન આઈડી અને પાસવર્ડ, ડેટા અપલોડ કરવા, બિડ ભરવા, ઈ-બિડીંગ માટે પ્રશિક્ષણની જરૂર હોય તો તેઓ સેવા પ્રદાન કરનાર (૫) સફળ બિડરે વેચાણ કિંમતના 1% TDS (વેચાણની આવકમાંથી) ચૂકવવા પડશે અને TDS પ્રમાણપત્ર અધિકૃત અધિકારીને સબમિટ કરવું પડશે અને EMD એડજસ્ટ કરીને વેચાણ કિંમતની સંપૂર્ણ રકમ (ટીડીએસમાં ૧% કપાત પછી) જમા કરાવવી પડશે. અધિકૃત અધિકારી દ્વારા ઓફર સ્વીકાર્યાના ૧૫ કામકાજના દિવસોની અંદર, અથવા અધિકૃત અધિકારી દ્વારા યોગ્ય માનવામાં આવે તેવા અન્ય વિસ્તૃત સમયની અંદર, જે પછી બાનાની ડિપોઝિટ જપ્ત કરવામાં આવશે. (૫૦ લાખ ઉપર ના વેચાણ ઉપર) (૬) કન્વેયન્સ, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી શુલ્ક અને અન્ય આનુષંગિક શુલ્ક હરાજી ખરીદનાર દ્વારા વહન કરવામાં આવશે. (૭) M/s. C1 India Pvt. Ltd., ૩જો માળ, પ્લોટ નં. ૬૮, સેક્ટર ૪૪, ગુડગાંવ, હરિયાણા - ૧૨૨૦૦૩નો સંપર્ક કરવો, હેલ્પલાઈન નં.: ૭૨૫૯૮૧૧૨૪ / ૧૧૨૫ / ૧૧૨૬, શ્રી ભાવિક પંડ્યા મોબાઈલ: ૦૮૮૬૬૬૮૨૯૩૦, હેલ્પલાઈન ઈ-મેલ આઈડી ; support@bankeauctions.com / gujarat@C1india.com અને મિલકત અને પ્લાન્ટ અને મશીનરી અંગેની જાણકારી માટે ઉપર જણાવેલ અધિકૃત અધિકારીનો ઓફિસ સમય દરમ્યાન (સવારે ૧૦.૦૦ થી સાંજે ૦૫,૦૦) ઉપરોક્ત સરનામે સંપર્ક કરી શકે છે. (૮) સૌથી ઉંચી બોલીકાર એચડીએફસી બેંક લિમિટેડ પ્રમાણિત કરે તેને અધીન રહેશે. અધિકૃત અધિકારીને કોઈપણ બીડ) બધી જ બીડ જે કંઈ મળેલ હશે તે સ્વીકારવી / નામંજૂર કરવાનો અથવા હરાજી વેચાણ કોઈપણ જાતના કારણ વગર રદ કરવાનો હક્ક છે. તેમનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે. વિગતવાર નિયમો અને શરતો માટે મહેરબાની કરીને અમારી વેબસાઈટ www.idtctbank.com અને www.bankauctions.com ની મુલાકાત લો.

સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૯(૧) હેઠળ ૩૦ દિવસની નોટીસ આ નોટીસ યુ/આર ફુલ ૯(૧) હેઠળ સીક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ વાંચવી અને તે દેવાદારો / જામીનદારોને ઉપર જણાવેલ લોન અંતર્ગત યોજવામાં આવેલ ઈ- હરાજી ઉપર જણાવેલ તારીખે રાખેલ છે તેની નોંધ લેવી. દેવાદારો / જામીનદારો / મોર્ટગેજરોને આ સાથે સુચિત કરવામાં આવે છે કે ઉપર જણાવેલ રકમ વત્તા આજ દિન સુધીનું વ્યાજ અને ખર્ચાઓ હરાજીની તારીખના ૩૦ દિવસ પહેલા ભરી જવા, જો તેમ કરવામાં નિષ્ફળ જશે તો મિલકતની હરાજી કરવામાં / વેચાણ કરવામાં આવશે અને બાકી રહેતી લેણી કમ જે કંઈ હોય તે વ્યાજ અને ખર્ચા સહિત વસુલ કરવામાં આવશે.

સ્થળ : વડોદરા
તારીખ : ૨૫-૧૦-૨૦૨૪

અધિકૃત અધિકારી
હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ